અમદાવાદના મે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૬

**:ક્રી.કેસ.નં.૮૯૮/૨૦૦૬ ના કામે આંક-૧ નીચે હુકમ**

(૧) આ કામે આજરોજ વારંવાર પોકારવા છતા આરોપીઓ કે તેમના વિ.વ.શ્રી અદાલતમાં હાજર નથી.

(૨) આ કામે કેસની હકીકત ધ્યાને લઈએ તો આ કામના ફરીયાદી એ આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ક.**૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪,૧૩૪(૧)(બી)**મુજબના ગુનાની ફરીયાદ આપતા પોલીસે સે.ગુના રજી.નં.**૨૧/૨૦૦૬,**થી ગુનો દાખલ કરી તપાસ કરી આરોપી વિરુધ્ધ તા.**૨૮/૦૩/૨૦૦૬,**ના રોજ અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરતા સદરહું ચાર્જશીટ ક્રીમીનલ કેસ રજીસ્ટરે નોધવાનો હુકમ કરવામાં આવતા ક્રી. કેસ.નં.**૮૯૮/૨૦૦૬** થી રજીસ્ટરે નોધવામાં આવેલ છે.કેસની હકીકત ધ્યાને લઈ એ તો કેસ લગભગ **૧૨** વરસ જેટલો જુનો છે.કેસ નું રેર્કડ,પ્રોસીડીગ્સ ધ્યાને લઈએ તો આરોપી વિરુધ્ધ સમન્સ ટ્રાયેબલ પોલીસ કેસ ની કાર્યવાહી છેલ્લા **૧૨** વરસથી પણ વધુ સમય થી પેન્ડીગ છે.અત્રેની અદાલતે વારંવાર સમન્સ/પકડ વોરન્ટ,બજવણી અર્થે પોલીસ તરફ મોકલેલ છે.પરંતુ પોલીસે આજદીન સુધી આરોપી ને પકડી ટ્રાયલ માટે અદાલત માં રજુ કરેલ નથી.આમા ફરી.પક્ષની બેદરકારી ના કારણ આ કેસની કોર્ટ કાર્યવાહી આગળ વધી શકતી નથી.વધુમાં ભવિષ્યના ટુંકા સમય માં પણ ફરી.પક્ષ આરોપીને ટ્રાયલ માટે પકડી ને હાજર કરે તેવા કોઈ ઉજળા સંજોગો જણાતા નથી.આરોપી વિરુધ્ધ નો સમન્સ ટ્રાયબલ પોલીસ કેસ છે.જે પેટી ઓફેન્સ ની કેટેગરીમાં આવે છે.આવા પેટી ઓફેન્સ ના કેસો અત્રેની અદાલતમાં દિન-પ્રતિદીન ભરાવો થતો જાય છે.જેના કારણ અત્રેની અદાલતમાં પેન્ડીગ અને ગંભીર કેસો પાછળ અદાલત પુરતો સમય ફાળવી શકતી નથી.જેથી આ પેટી ઓફેન્સ નો કેસ હવે વધુ લાંબો સમય પેન્ડીગ રાખવો મને જરુરી,યોગ્ય અને ન્યાયી જણાતુ નથી.

(૩) વધુમાં આ તબકકે ૨૦૦૨ (૨) જી.એલ.આર.પાના નં.૧૫૪૯ (સુ.કો) પી.રામાચંદ્ર રાવ વિરુધ્ધ કર્ણાટક રાજય વાળા ચુકાદામાં ના.સુપ્રિમ કોર્ટ એ એવું સ્પષ્ટ ઠરાવેલ છે કે ટ્રાયલ કોર્ટએ તેઓને પ્રાપ્ત સતા નો ઉપયોગ કેસ ના ઝડપી અને અસરકારક નિકાલ કરવા માટે સી.આર.પી.સી.ની કલમ:૩૦૯, ૩૧૧,અને ૨૫૮,નો ઉપયોગ

કરવો જોઇએ.

(૪) આ ઉપરાંત ના.ગુજરાત હાઈકોર્ટ ના પત્ર ક્રમાંક નં.૨૯૧૭–૦૬ તા.૧૭–૧૦ –૦૬ થી નીચલી અદાલત ને એવી સુચના પણ આપવામા આવેલ છે કે આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતોએ પોલીસ ને મર્યાદીત તકકો આપી યોગ્ય કીસ્સામાં સી.આર.પી.ની કલમ:૨૫૮,અન્વયે મળેલ સતાનો ઉપયોગ કરવો જોઈએ.આ તમામ હકીકતો ઘ્યાને લઈ હાલના કેસના સંજોગો ઘ્યાને લેતા બજવણી અર્થે હવે વઘુ તકકો આપવાથી અદાલત તથા પોલીસનો કીમતી સમય વેડફાય તેમ હોઈ તેવા સંજોગોમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

:હુકમ:

આથી ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ:૨૫૮,અન્વયે આ કેસની કોર્ટ કાર્યવાહી બંધ કરવામાં આવે છે અને આ કામે આરોપીઓને તેમની સામેના ઈ.પી.કો. કલમ:**૨૭૯, ૩૩૭, એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪,૧૩૪(૧)(બી)**મુજબના ગુના માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૨૬–જુન–૨૦૧૮ ના રોજ હુકમ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કરયો.

તારીખ.: ૨૬ / ૬ / ૧૮

( જયંતીલાલ અમૃતલાલ બારોટ)
એડીશ્નલ ચીફ મેટ્રો. મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬, અમદાવાદ
જીજે–૦૦૪૯૪

એસ.બી.રાઠોડ.પી.એ.